Sl.No. :

नामांक Roll No.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | | | | | | |

No. of Questions – 21

No. of Printed Pages – 7

**S–73–Gujarati (T.L.)**

Tear Here

# माध्यमिक परीक्षा, 2023
# SECONDARY EXAMINATION, 2023
## ગુજરાતી
## GUJARATI
### (THIRD LANGUAGE)

**समय** : 3 **घण्टे** 15 **मिनिट**

**पूर्णांक** : 80

प्रश्न पत्र को खोलने के लिए यहाँ फाड़ें
TEAR HERE TO OPEN THE QUESTION PAPER

**પરીક્ષાર્થીઓ માટે સામાન્ય નિર્દેશ:**

1) પરીક્ષાર્થી સૌ પ્રથમ પ્રશ્નપત્ર પર, પોતાનો નામાંક જરૂરથી લખે.

2) દરેક પ્રશ્ન કરવા ફરજિયાત છે.

3) દરેક પ્રશ્નના જવાબ આપેલી જવાબ પુસ્તિકામાં જ લખો.

4) જે પ્રશ્નોમાં આન્તરિક ખંડ છે, તે દરેકના ઉત્તર એક સાથે જ લખો.

5) પ્રત્યેક પ્રશ્નમાં માંગ્યા અનુસાર ઉત્તર આપવાના છે.

यहाँ से काटिए

## વિભાગ - અ (A)

**1) નીચે આપેલા બહુવિકલ્પ ધરાવતા પ્રશ્નોના ઉત્તર સાચો વિકલ્પ શોધી લખો.**

1) ગવરીબાઈએ લોકોને કયો માર્ગ બતાવ્યો હતો? **[1]**

A) શિક્ષણમાર્ગ B) રેલમાર્ગ

C) શિષ્યમાર્ગ D) ભક્તિમાર્ગ

2) અખાના મતે શાના વિના ભક્તિ ન થઈ શકે? **[1]**

A) પૈસા વિના B) માતાપિતા વિના

C) જ્ઞાન વિના D) ગુરુ વિના

3) દામોદર દોશીનું રૂપ ધારણ કરીને ભગવાન કોને મદદ કરવા માટે આવે છે? **[1]**

A) નરસિંહ મહેતાને B) પ્રેમાનંદને

C) મીરાંબાઈને D) ગંગાસતીને

4) ટ્રેન ક્યારે ચાલી નીકળે છે? **[1]**

A) સવારે B) સાંજે

C) બપોરે D) રાતે

5) બિરબલનો દિકરો દૂધના કટોરામાં શું શોધતો હતો? **[1]**

A) પાણી B) ઘી

C) સાકર D) ગોળ

6) ડૉ. કિરણબેદીના પિતાજી કઈ રમતના ખેલાડી હતા? **[1]**

A) બેડમિન્ટન B) ક્રિકેટ

C) ટેનિસ D) હોકી

7) લેખકના બાપુજીને કઈ બીમારીની ગાંઠ હતી? [1]

A) કેન્સરની B) પ્લેગની

C) ટી.બી.ની D) કોરોનાની

8) ખેતરમાં મહાદેવ કોને જોઈને એકાએક ઊભો રહી ગયો? [1]

A) ભેંસને B) બળદને

C) કુતરાને D) ગાયને

9) 'બેટા! એમા સાકર નહિં દેખાય.' વાક્યનો પ્રકાર ક્યો છે? [1]

A) ઉદ્‌ગાર વાક્ય B) પ્રશ્નાર્થ વાક્ય

C) પૂર્ણ વાક્ય D) અલ્પ વાક્ય

10) નીચેનામાંથી સાચી જોડણી કઈ છે? [1]

A) સહાનુભૂતિ B) સહાનુભૂતી

C) સહાનૂભૂતિ D) સહાનૂભુતિ

11) 'પશુતા' નો વિરુદ્ધાર્થી શબ્દ કયો છે? [1]

A) લઘુતા B) માનવતા

C) મનુતા D) અયોગ્ય

12) પ્રશ્નાર્થ વાક્યની અંતે નીચેનામાંથી કયું ચિન્હ મૂકવામાં આવે છે? [1]

A) ? B) !

C) ‘‘ ’’ D) ;

**2) નીચેના પ્રશ્નોમાં રિક્ત સ્થાનની પૂર્તિ કરો.**

1) સાંજ ઢળીને ચાલી ટ્રેન ______ખાલી, ખાલી ટ્રેન. **[1]**

2) એક મૂરખને એવી ટેવ ______એટલા પૂજે દેવ. **[1]**

3) માટીખાણે મા સાથે ______લેવા ગયો છું. **[1]**

4) જાપાનનું એક મોટું શહેર______. **[1]**

5) 'ભલો મહાદેવ રડતો ગયો' વાક્યમાં વિશેષણ ______છે. **[1]**

6) ______અને ______ની વિશેષતા દર્શાવનાર શબ્દને વિશેષણ કહે છે. **[1]**

**3) નીચે આપેલા પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર લખો.**

1) ભગવાન પોતાની સાથે કોને કોને લઈને આવે છે? **[1]**

2) ગવરીબાઈએ કેવી રીતે હરિગુણ ગાયા હતા? **[1]**

3) શેના કારણે ચિત્તમાં બધું પલટાઈ ગયું છે? **[1]**

4) સૂર્યની આદતોને સુધારવા માટે કોની જરૂર છે? **[1]**

5) બિરબલ બાદશાહને શું કહેતો રહેતો હતો? **[1]**

6) બાપુજી લેખક પાસે કઈ પ્રતિજ્ઞા લેવડાવે છે? **[1]**

7) પરીક્ષા પાઠનું મુખ્ય પાત્ર કયું છે? **[1]**

8) 'માટી' પાઠમાં લેખકને શાનો કેફ ચડતો હતો? **[1]**

9) નીચેના શબ્દોના સમાનાર્થી શબ્દ લખો. **[1]**

1) કાયા 2) ફૂલ

10) નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દ લખો. **[1]**

1) ઠોઠ 2) નિર્મળ

11) નીચેના શબ્દની જોડણી સુધારો. **[1]**

1) નીરાશા 2) કૂતૂહલ

12) 'કૂઈ' શબ્દનો અર્થ શું થાય? **[1]**

## વિભાગ - બ (B)

**નીચે આપેલા પ્રશ્નોના બે થી ત્રણ વાક્યમાં ઉત્તર લખો.**

**4)** કવિ કોની સાથે રમવા ઈચ્છે છે? શા માટે? **[2]**

**5)** વર્તમાન સમયમાં લોકોને શું માફક આવતું નથી? **[2]**

**6)** ટ્રેન કઈ પ્રાણાલીનું પાલન કરે છે? શા માટે? **[2]**

**7)** સૂર્યને ઊભા રહેવાની સજા થાય ત્યારે તે શું કરે છે? **[2]**

**8)** વખારમાંના તાંબાપતરાના લખાણમાં શું જણાવેલું હતું? **[2]**

**9)** રીક્ષામાં કોણ બેઠેલું હતું? તેની પાસે પૂરુ સરનામું હતું? પૂરુ સરનામું કેવું હોય છે? **[2]**

**10)** આપણા બાપદાદા કેવા ભજીયા આરોગતા હતા? **[2]**

**11)** કપાતા વૃક્ષને જોઈને દ્રવી ઊઠેલા યુવાને શું કર્યું? તેની કેવી અસર થઈ? **[2]**

**12)** નીચેના રૂઢિપ્રયોગનો અર્થ લખો. **[2]**

1) આંખની કીકી હોવું.

2) ટોચે પહોંચવું.

3) પગ ઢીલા પડવા.

4) કપાળે પરસેવો વળવો.

**13)** નીચે આપેલા સમાસનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો. **[2]**

1) પંચામૃત

2) માતાપિતા

3) લાગણીવશ

4) ખેતરશેઢો

**14)** નીચેના શબ્દોની સંધિ વિચ્છેદ કરો. **[2]**

1) સત્યાગ્રહ
2) વિદ્યાધિકારી
3) અનુપમ
4) સહાનુભૂતિ

## <u>વિભાગ - ક (C)</u>

**નીચેના પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો.**

**15)** નરસૈયાને ઘેર પધારેલા ભગવાનની સુંદરતા વર્ણવો. **[3]**

અથવા

સૂર્ય માટે કેમ કડક શિક્ષક રાખવાની જરૂર પડી તે વિચારીને લખો.

**16)** ડૉ. બેદીના કયા ગુણોનું અનુસરણ કરશો? શા માટે? **[3]**

અથવા

લેખકે કરેલા 'વેલી ઑફ ફ્લાવર્સ' ના પ્રવાસમાર્ગનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

**17)** વૃક્ષો તમને કયા અને કેવી રીતે ઉપયોગી થાય છે તે જણાવો. **[3]**

અથવા

તમારા ઘરની આસપાસ આવેલા કોઈ મંદિરની શોભાનું વર્ણન કરો.

**18) નીચે આપેલા ગદ્યાંશને વાચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

'' આ બહુ જ વિશેષ તળાવ છે. લાખો વરસો પહેલાં કુદરતમાં જે ભારે ઉથલ-પાથલ થઈ એને કારણે તળાવની નીચે કાળી ચીકણી માટીનું, મુલતાની માટીનું કે જીપ્સમનું એક થર જામી ગયું હતું. આ થરને કારણે વરસાદનું પાણી ઝમીને રેગિસ્તાનમાં નીચે વહેતા ખારા પાણીમાં મળતું નથી. તે રેતીમાં ભેજની જેમ સુરક્ષિત રહે છે. આ ભેજને અમે નીતર્યું પાણી કહીએ છીએ.''

**પ્રશ્નો :**

1) કુદરતમાં ભારે ઉથલ-પાથલના કારણ તળાવની નીચે શું થયું? **[1]**

2) વરસાદનું પાણી શેમાં સુરક્ષિત રહે છે? **[1]**

3) રેતીમાં રહેલા ભેજને કયા નામે ઓળખવામાં આવે છે? **[1]**

## વિભાગ - ડ (D)

**19) નીચે આપેલા અપઠિત ગદ્યાંશને વાચી તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર લખો.**

એકાગ્રતાની શક્તિ જેમ વધુને વધુ કેળવાતી જશે, તેમ વધુને વધુ જ્ઞાનપ્રાપ્તિ થતી જશે, જ્ઞાનપ્રાપ્તિનો આ જ એકમાત્ર ઉપાય છે. બૂટપૉલિશવાળો પણ જેટલો એકાગ્ર થશે તેટલો તે જોડાંને વધારે ચમકવાળાં બનાવશે. એજ રીતે એકાગ્રતાને લીધે રસોઈયો વધુ સારી રસોઈ બનાવશે. ધન મેળવવામાં, ઈશ્વરની આરાધના કરવામાં કે અન્ય કોઈ કાર્ય બજાવવામાં એકાગ્રતાની શક્તિ જેટલી વધારે, તેટલું તે કાર્ય વધારે સારું થશે. માનવીની શક્તિઓને એકાગ્ર કર્યા સિવાય આ જગતમાંનું બધું જ્ઞાન ક્યાં મેળવાયું છે? આપણે એના દ્વાર કેમ ખખડાવવાં તે જાણીએ, યોગ્ય પ્રહાર કેવી રીતે કરવો તે પિછાનીએ તો જગત તેનાં રહસ્યો આપણી સમક્ષ ખુલ્લાં કરવા તૈયાર થાય છે. એકાગ્રતામાંથી આ પ્રકારનું બળ અને શક્તિ આવે છે.

**પ્રશ્નો :**

1) વધુ જ્ઞાનપ્રાપ્તિ માટે કઈ પાયાની શરત છે? **[1]**

2) બુટપૉલિશવાળો બુટને ચમકવાળા ક્યારે બનાવી શકે? **[1]**

3) એકાગ્રતા માટે કોના કોના ઉદ્દાહરણો આપેલા છે? **[1]**

4) જગતના રહસ્યો આપણી સમક્ષ ક્યારે ખુલ્લાં થઈ શકે? **[1]**

5) યોગ્ય શીર્ષક આપો. **[1]**

**20)** તમારી શાળામાં યોજાયેલ 'શિક્ષકદિનની' ઊજવણીનો અહેવાલ લખો. **[5]**

અથવા

તમારી શાળામાં યોજાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ લખો.

**21) નીચેનામાંથી કોઈ પણ એક વિષય પર નિબંધ લખો.** **[6]**

1) મારો પ્રિય તહેવાર

2) દીકરી ઘરની દીવડી

3) આદર્શ વિદ્યાર્થી

4) જીવનમાં અનુશાસનનું મહત્ત્વ

♦♦♦♦

DO NOT WRITE ANYTHING HERE